# ખેડૂતો અડગ રહેતા સાતમી બેઠક પણ અનિર્ણિત

**કૃષિ કાયદાનો વિરોધમાં ખેડૂતોના આંદોલનને ૩૫ દિવસ : મહત્વપૂર્ણ બે મુદ્દા પર સહમતી સધાઈ હોવાનો બંને પક્ષોનો દાવો, કેન્દ્રીય મંત્રીઓએ ખેડૂતો સાથે લંગરમાં ભોજન લીધું**



નવી દિલ્હી, તા. ૩૦

કૃષિ કાયદાઓને લઈને બુધવારે સરકાર અને ખેડૂતો વચ્ચે સાતમી વખત વાટાઘાટ યોજાઈ હતી. જોકે, આ બેઠકમાં પણ કોઈ નનિવેડો ન આવી શકતા ચોથી જાન્યુઆરીએ ફરી બન્ને પક્ષો વચ્ચે બેઠક યોજાશે. એમ મનાય છે કે બન્ને પક્ષો વચ્ચે બે મુદ્દાઓ પર સહમતી સધાઈ ગઈ છે અને આગામી બેઠક આંદોલન સમેટવામાં મહત્વપૂર્ણ રહેશે.

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોના આંદોલનનો આજે ૩૫મો દિવસ છે. વિજ્ઞાન ભવનમાં ૪૦ ખેડૂત સંગઠનોના નેતાઓની સરકાર સાથે મીટિંગ થઈ હતી. ખેડૂત નેતાઓએ માંગણી કરી હતી કે, આંદોલન દરમિયાન તેમના જે સાથે મૃત્યુ પામ્યા છે તેમના પરિવારને ન્યાય અને વળતર મળવું જોઈએ. મીટિંગમાં સરકાર તરફથી કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, રેલ મંત્રી પીયુષ ગોયલ અને વાણિજ્ય રાજ્ય મંત્રી સોમ પ્રકાશ હાજર રહ્યા હતા.

મીટિંગ પહેલાં ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, નવા કૃષિ કાયદા બન્યા પછી ઉત્તર પ્રદેશમાં પાકની કિંમતમાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. તેની ખરીદ કિંમત ટેકાના ભાવ કરતાં નીચા થઈ રહ્યા છે. અનાજનો ભાવ ૮૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ મળી રહ્યો છે. આ મુદ્દો બેઠકમાં ઊઠાવાયો હતો. આ દરમિયાન ખેડૂતો માટે ભોજન લંગરથી આવ્યું હતું અને કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર અને રેલ મંત્રી પિયુષ ગોયલ પણ તેમની સાથે જ ભોજનમાં જોડાયા હતા.

સંયુક્ત ખેડૂત મોરચાએ વાતચીત માટે રાજી હોવાનો ઈ-મેલ મંગળવારે સરકારને મોકલ્યો હતો. ત્યાર પછી ગૃહમંત્રી અમિત શાહ, કૃષિમંત્રી નરેન્દ્ર તોમર, રેલવેમંત્રી પીયૂષ ગોયલ અને ઉદ્યોગ રાજ્યમંત્રી સોમ પ્રકાશે મીટિંગ કરીને સ્ટ્રેટેજી બનાવી.

## આવકવેરા રિટર્નની મુદત વધારીને ૧૦ જાન્યુ. કરાઈ

નવી દિલ્હી, તા. ૩૦

ઈન્કમટેક્સ વિભાગે ફરી એકવાર આઈટીઆર ફાઈલ કરવાની અંતિમ તારીખ વધારી દીધી છે. અલગ-અલગ કેટેગરી માટે અંતિમ તારીખને અલગ-અલગ સમય માટે વધારી દેવામાં આવી છે. એમાં સૌથી મહત્વપુર્ણ છે કે જે લોકોને પોતાના આઈટીઆર ફાઈલ કરવા માટે પોતાના એકાઉન્ટ્સને ઓડિટ કરાવવું થતું નથી અને જે પોતાનું રિટર્ન આટીઆર-૧ કે આઈટીઆર-૪ ફોર્મ દ્વારા ભરે છે, તેઓને હવે ૧૦ જાન્યુઆરી સુધીની રાહત મળી છે. આ ત્રીજી વખત છે કે જ્યારે આયકર વિભાગે ઈક્મ ટેક્સ ભરવા માટેની તારીખ લંબાવી છે.

# દેશમાં નવા સ્ટ્રેનના ૨૦ કેસ

**યુકેથી પાછા ફરેલા અનેક લોકો ટ્રેસ ન થઈ શકતા ચિંતાજનક સ્થિતિ : ઓસ્ટ્રેલિયા, ઈટાલી, ફ્રાન્સ, સ્વીડન, સ્વિટ્ઝરલેન્ડ, સ્પેન, કેનેડા, જર્મની, લેબનોન, જાપાન અને સિંગાપુરમાં પણ યુકેવાળા સ્ટ્રેનના કેસ જોવા મળ્યા**

ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોના વાયરસના નવા સ્ટ્રેને ભારતમાં પણ દેખા દેતા કેંન્દ્ર સરકારે બ્રિટનથી આવનારી તમામ ફ્લાઈટ પર પ્રતિબંધ ૭ જાન્યુઆરી સુધી વધારી દીધો છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ આ બાબતે જાહેરાત કરી હતી. ભારતમાં અત્યાર સુધીમાં આ નવા સ્ટ્રેનના ૨૦ કેસ સામે આવતા સનસનાટી મચી જવા પામી છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી હરદીપ સિંહ પુરીએ આ મામલે જાણકારી આપતા કહ્યું હતું કે, ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી યૂનાઈટેડ કિંગડમથી અવાનારી અને અહીંથી જનારી તમામ ફલાઈટો પર લગાડાયેલો અસ્થાયી પ્રતિબંધ આગળ આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હરદીપ સિંહ પુરીએ ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે- ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી બ્રિટનથી આવતી અને જતી તમામ વિમાનોને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યાર બાદ વિમાન સેવા ફરી શરૂ કરવામાં આવશે પણ કડક પાલન સાથે. આ માટેની માર્ગદર્શીકા ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવશે.

બ્રિટનમાં કોરોના વાયરસનું નવુ સ્વરૂપ મળી આવતા દુનિયાભરના દેશોમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ભારતમાં પણ આ સ્ટ્રેનના નવા ૨૦ જેટલા કેસ મળી આવતા સરકારના કાન સરવા થયા છે. આટલી મોટી સંખ્યામાં કેસો સામે આવતા જ ભારતે ૨૧-૨૨ ડિસેમ્બરની મધ્ય રાત્રીથી જ બ્રિટનથી આવનારી તમામ ઉડાનો પર પ્રતિબંધ લગાવી દીધો હતો. સાથે જ ભારતમાંથી બ્રિટન જતી ફ્લાઈટો પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. કેન્દ્ર સરકારે આ પ્રતિબંધને હવે ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી વધારી દીધો છે. ભારત ઉપરાંત ફ્રાંસ, જર્મની, નેધરલેન્ડ, સહિતના અનેક યૂરોપિયન દેશોએ પણ બ્રિટન પર હવાઈ પ્રતિબંધ લગાવી દીધો છે.

જોકે, ૨૫મી નવેમ્બરથી ૨૩મી ડિસેમ્બર વચ્ચે ભારતમાં ૩૩,૦૦૦થી વધુ પ્રવાસીઓ યુકેથી ભારતના વિવિધ એરપોર્ટ્સ પર આવ્યા હતા. કેન્દ્ર સરકારે રાજ્યો સાથે મળીને બધા જ પ્રવાસીઓને શોધવાની અને તેમના આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવાની કામગીરી હાથ ધરી છે.

ભારતે કોરોનાના નવા પ્રકારની તપાસ માટે અને તેને રોકવા માટે સક્રિય રણનીતિ તૈયાર કરી છે, જેના ભાગરૂપે ૨૩મી ડિસેમ્બરથી બ્રિટનથી આવતી તમામ ફ્લાઈટ્સ પર ૩૧મી ડિસેમ્બર સુધી પ્રતિબંધ મૂકી દેવાયો હતો.

### મેરઠમાં ૨ વર્ષની બાળકી સંક્રમિત

કોરોના વાયરસનો નવો સ્ટ્રેન બ્રિટનથી ઉત્તર પ્રદેશમાં પહોંચી ગયો છે. વાસ્તવમાં યુકેથી મેરઠ પાછા આવેલા પરિવારની બે વર્ષી બાળકીમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનની પુષ્ટિ થઈ છે. આની પુષ્ટિ થયા બાદ આરોગ્ય વિભાગ અને પ્રશાસનમાં હોબાળો મચી ગયો છે. સાવચેતી તરીકે આખા વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે જ્યાં એ બાળકી રહે છે.

માહિતી મુજબ મેરઠના ટીપી નગરના સંત વિહાર કોલોનીનો કેસ છે. હાલમાં જ બે વર્ષની બાળકી પોતાના માતાપિતા સાથે યુકેથી પાછી મેરઠ આવી હતી. મેરઠના જિલ્લાધિકારી કે બાલાજીએ જણાવ્યુ કે પરિવારના બધા સભ્યોની આરોગ્ય વિભાગ દ્વારા કોવિડ-૧૯ તપાસ કરવામાં આવી હતી. તપાસમાં બાળકીનો રિપોર્ટ પૉઝિટીવ આવ્યા બાદ તેમના સેમ્પલને તપાસ માટે દિલ્લી લેબ મોકલવામાં આવ્યા હતા. દિલ્લી મોકલવામાં આવેલ સેમ્પલના રિપોર્ટથી આની પુષ્ટિ થઈ છે.

## આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ઉપરનો પ્રતિબંધ ૩૧ જાન્યુ. સુધી લંબાવાયો

**વિશ્વભરમાં કોરોનાના વધતા પ્રકોપ સામે ભારતની સાવચેતી**

નવી દિલ્હી, તા. ૩૦

દુનિયાભરમાં ફેલાયલા કોરોનાના પ્રકોપના કારણે ભારત સરકારે આંતરરાષ્ટ્રીય ફલાઈટ્સ પર લાગેલા પ્રતિબંધને ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી વધારી દીધો છે. આ પ્રતિબંધ સ્પેશલ ફ્લાઈટ્સ અને ઈન્ટરનેશનલ એર કાર્ગો ઑપરેશન્સ પર લાગુ નહીં થાય. એવિએશન રેગ્યુલેટર ડીસીજીએએ બુધવારના આ જાણકારી આપી. ડીજીસીએએ કહ્યું કે, જો કે કેટલીક ફ્લાઈટ્સ માટે અધિકારી કેટલાક માર્ગો પર ફ્લાઈટ્સને પરવાનગી આપી શકે છે.



કોરોના વાયરસ મહામારીના કારણે ૨૩ માર્ચથી નિયમિત આંતરરાષ્ટ્રીય યાત્રી વિમાન સેવા સ્થગિત છે. જો કે વંદે ભારત અભિયાન તથા એર બબલ વ્યવસ્થા અંતર્ગત મેથી કેટલાક નિશ્ચિત દેશો માટે આંતરરાષ્ટ્રીય ફલાઈટો શરૂ કરવાની પરવાનગી છે. ભારતે અમેરિકા, બ્રિટન, સાઉદી અરબ, કેન્યા, ભૂટાન અને ફ્રાન્સ સહિત ૨૪ દેશોની સાથે એર બબલ કરાર કર્યો છે. ડીજીસીએએ એ પણ કહ્યું છે કે, આની માલવાહક વિમાનો પર કોઈ અસર નહીં પડે. ઉડ્ડયન મંત્રાલયે બુધવારના જ બ્રિટનમાં ફેલાઈ રહેલા કોરોના વાયરસના સ્ટ્રેનને જોતા બ્રિટનની ફલાઈટ્સ પર લગાવેલા અસ્થાઈ પ્રતિબંધને ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી વધારી દીધી છે.

## છેલ્લે... છેલ્લે...

- કાશ્મીરના શ્રીનગરમાં ૧ આતંકીનું એન્કાઉન્ટર.
- હરીયાણાના સ્વાસ્થ્ય મંત્રી અનિલ વીજને વેદાન્તા હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- યુ.કે.ની વિમાની સેવાઓ ઉપરનો પ્રતિબંધ ૭મી જાન્યુઆરી સુધી લંબાવાયો.
- એક્સફર્ડની કોરોના વેક્સીનને બ્રીટનની મંજુરી
- કોરોનાના નવા સ્ટ્રેનને પગલે મહારાષ્ટ્રમાં ૩૧મી જાન્યુઆરી સુધી લોકડાઉના પ્રતિબંધ યથાવત.
- દેશભરમાં આવતીકાલથી વાહનચાલકો માટે ફરજીયાત ફાસ્ટટેગ.
- પાકિસ્તાનમાં ૪.૭ની તીવ્રતાવાળો જોરકદાર ભુકંપ.
- બિહારમાં રાજકીય ભુકંપના ભણકારા.
- દિલ્હીમાં આવકવેરા વિભાગના વ્યાપક દરોડા.
- ગુજરાત કેડરના આઈ એસ ઓફિસર અતનુ ચક્વર્તી એચડીએફસી બેંકના ચેરમેન પદે નિમાયા.
- અન્ના હજારે જાન્યુઆરીના બીજા સપ્તાહથી ખેડૂત આંદોલનના સમર્થનમાં ઉપવાસ કરશે.
- પૂર્વ ક્રિકેટર લક્ષ્મણ ભાજપમાં જોડાયા.

### ચાર મહાનગરોમાં રાત્રી કર્ફ્યુનો સમય રાતે ૧૦થી સવારે ૬નો કરાયો

ગુજરાતના ચાર મોટા મહાનગરોમાં કોરોના મહામારી ફાટી નિકળ્યા બાદ રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે સરકારે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૯ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યૂના સમયમાં ફેરફાર કર્યો છે. હવે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરામાં રાત્રિના ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યૂ રહેશે. જેનો અમલ ૧ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી રહેશે.

# સાંસદ મનસુખ વસાવાએ રાજીનામું પરત ખેંચી લીધું

**વિજય રૂપાણી સાથેની મુલાકાત બાદ નિર્ણય : કમર અને ગરદનની તકલીફને કારણે મેં રાજીનામું આપ્યું હતું**

ગાંધીનગર,તા.૩૦

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને સાંસદ મનસુખ વસાવાએ આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ૪૫ મિનિટ સુધી બેઠક કરી હતી. બેઠક બાદ મીડિયાને સંબોધતા સાંસદ મનસુખ વસાવાએ પોતે સાંસદ તરીકે ચાલુ જ રહેશે તેમ જણાવ્યું હતું. સાથે જ તેમણે એમ પણ જણાવ્યું હતું કે, મેં કોઈ રાજકીય સોદાબાજી કરી નથી. પાર્ટી પર દબાણ લાવવાનો પણ મેં કોઈ પ્રયાસ કર્યો નથી. મારી કમર અને ગરદનની તકલીફને કારણે મેં રાજીનામું આપ્યું હતું. જોકે, કેન્દ્રીય નેતૃત્વએ મને સાંસદ તરીકે ચાલુ રાખવાની સૂચના આપી છે. આથી હું રાજીનામું પરત ખેંચી રહ્યો છું. મીડિયા સાથેની વાતચીતમાં સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી મને કમર અને ગરદનની તકલીફ છે. આ કારણે હું સંસદમાં પણ જરૂરી હોય એટલી હાજરી આપી શકતો નથી. આ માટે જ મેં રાજીનામું ધરી દીધું હતું. મેં રાજીનામા પત્રમાં પણ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. પાર્ટી સામે મારી કોઈ નારાજગી નથી. મારી શારીરિક તકલીફને કારણે મારા મિત્રો અને સ્નેહીજનોએ મને આરામ કરવાની સલાહ આપી હતી.

સાંસદ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય નેતૃત્વ સાથે થયેલી ચર્ચા પ્રમાણે મારા વતી તાલુકા અને જિલ્લાના કાર્યકરો કામ કરતા રહેશે. હાલ ડૉક્ટરે મને ચારથી પાંચ મહિના સુધી આરામ કરવાની સલાહ આપી છે. સીએમ સાથેની બેઠકમાં મને સમજાવવામાં આવ્યું હતું કે જો હું સાંસદ તરીકે ચાલુ રહીશ તો સરકારના ખર્ચે સારવાર ચાલતી રહેશે. એક વખત સાંસદ તરીકેથી રાજીનામું આપ્યા બાદ આવી સારવાર શક્ય નહીં બને. પાર્ટીએ મને દિલ્હીમાં સારવાર કરાવવાની પણ સલાહ આપી છે. આથી હું સાંસદ તરીકે ચાલુ રહીશ.

લવ જેહાદ મુદ્દે મળેલી ધમકી વિશે સાંસદ વસાવાએ જણાવ્યું હતું કે, મને લંડન અને બીજી જગ્યાએથી લવ જેહાદ મુદ્દે ધમકીએ મળી છે. આ મામલે મેં પોલીસને જાણ કારી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. હું મુસ્લિમોને વિરોધી નથી. મારી મુસ્લિમ મિત્રો પણ એવું માની રહ્યા છે કે લવ જેહાદનો કાયદો બનવો જોઈએ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

કલાઇમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર





બેટરી સંચાલિત વાહન અપનાવીએ,
પેટ્રોલ બચાવીએ તથા પર્યાવરણનું જતન કરીએ.

બેટરી સંચાલિત વાહન અપનાવીએ અને શુદ્ધ હવા સાથે સસ્તી અને સુરક્ષિત સવારી કરીએ.
- શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

બેટરી સંચાલિત દ્વિ ચક્રી વાહન યોજના વર્ષ ૨૦૨૦-૨૧
યોજનાનો લાભ મેળવવા શું કરશો?

| | |
|---|---|
| કોણ અરજી કરી શકે? | ગુજરાત રાજ્યની શાળાઓમાં ધો. ૯ થી ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી. વિદ્યાર્થી દીઠ ફક્ત એક જ અરજી કરવાની રહેશે. |
| અરજી પત્રક ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડા દ્વારા અધિકૃત ઉત્પાદકોના ડીલર્સ તથા જેડાની વેબસાઇટ geda.gujarat.gov.in |
| અરજી સાથે શું વિગતો આપવાની થાય છે? | ૧. બોનાફાઇડ સર્ટીફિકેટ, (વર્ષ ૨૦૨૦-૨૧) - મૂળ અથવા સ્કેન કરેલી નકલ અથવા સ્વ-પ્રમાણિત કરેલ અગાઉના વર્ષની માર્કશીટની નકલ<br>૨. સ્વ-પ્રમાણિત કરેલ વિદ્યાર્થીના આધાર કાર્ડની નકલ<br>૩. વિદ્યાર્થીનું સક્ષમ અધિકારીએ આપેલ અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ/દિવ્યાંગ/ગરીબ/અતિ ગરીબ/બિન અનામત વર્ગ આર્થિક પછાત સંબંધિત પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો)<br>૪. ડ્રાઇવીંગ લાઈસન્સ ની સ્વ-પ્રમાણિત નકલ (ફક્ત બેટરી સંચાલિત હાઇ સ્પીડ વાહનો માટે). |
| અરજી પત્રક કોને જમા કરાવવાનું રહેશે? | અરજીપત્રક ઉત્પાદક તથા મોડેલની પસંદગી કરીને તારીખ **૧૫ માર્ચ, ૨૦૨૧** સુધીમાં પસંદ કરેલ ઉત્પાદકોના ડીલર્સ / જેડા કચેરીમાં જમા કરાવવાનું રહેશે. |
| પ્રાથમિકતાના ધોરણો | આગળનાં વર્ષમાં મેળવેલ પરીક્ષાના ગુણાંક, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, દિવ્યાંગ,સામાજીક આર્થિક મોજણી અંતગર્ત જાહેર કરેલા ગરીબ, અતિગરીબ તથા બિન અનામત વર્ગનાં આર્થિક પછાત વિદ્યાર્થીઓ |
| આ અંગે રાજ્ય સરકારની કેટલી સબસીડી મળવાપાત્ર છે? | રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વાહન |
| સબસીડીનો લાભ કઈ રીતે મળશે? | જેડા દ્વારા યોજનાની શરતો મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીના બેંક ખાતામાં વાહનની ખરીદી કર્યા પછી જમા કરાશે. વાહન **૧૫ માર્ચ, ૨૦૨૧** સુધીમાં ખરીદવાનું રહેશે. |
| વાહનોના અધિકૃત ઉત્પાદક, મોડલ, મહત્તમ ભાવ, તથા તેમના ડિલર્સની માહિતી ક્યાંથી ઉપલબ્ધ થશે? | જેડા ની વેબસાઇટ geda.gujarat.gov.in |
| સંપર્કસુત્ર | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી(જેડા),ગાંધીનગર ફોન નં: (૦૭૯) ૨૩૨૫ ૭૨૫૧ - ૫૩ તથા માન્ય ઉત્પાદકો. |

(૧) અજંતા મેન્યુફેકચરીંગ (ઓરેવા) - ૯૯૯૮૦૨૩૧૨૪ (૨) ઓકીનાવા ઓટોટેક - ૯૨૬૮૧૧૭૪૫૮ (૩) ઈલેક્ટ્રોથર્મ (યો.બાઈક) - ૯૭૧૨૯૦૮૦૪૪ (૪) હીરો ઈલેક્ટ્રીક - ૮૨૦૦૨૦૬૭૨૧ (૫) એમ્પિયર વ્હીકલ - ૯૫૯૯૭૪૮૮૩ (૬) વર્ડ વિઝાર્ડ - ૭૪૩૪૯૯૪૪૮૮ (૭) લોર્ડસ માર્ક ઈન્ડસ્ટ્રીઝ - ૯૯૨૪૨૫૫૭૭૦ (૮) રાજ ઈલેક્ટ્રોમોટીવ - ૯૯૭૮૯૦૩૩૭૭ (૯) વાયરટ્રીક મોટર્સ - ૯૫૧૦૭૦૬૭૫૮ (૧૦) જિતેન્દ્ર ઈલેક્ટ્રીક - ૭૦૫૭૨૯૯૯૯૯ (૧૧) વ્હાઈટ કાર્બન મોટર્સ - ૯૬૨૪૭૭૭૭૯૨ (૧૨) વિકટરી ઈલેક્ટ્રીક - ૯૯૯૦૧૫૬૦૫૦ (૧૩) ગેલોપ્સ ઈલેક્ટ્રીક - ૯૨૨૭૨૮૫૬૦૩ (૧૪) બેટરી ઈલેક્ટ્રીક - ૯૬૩૬૮૩૧૫૫૫ (૧૫) મ્યુ. ઈલેક્ટ્રિકલ - ૯૮૩૦૭૧૧૦૨૫ (૧૬) દીવા એન્વિરોમેન્ટ - ૯૦૯૯૦૫૫૫૬૫

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી,
ચોથો માળ, બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક ફોન: (૦૭૯) ૨૩૨૫ ૭૨૫૧ - ૫૩
ઈ-મેલ: director@geda.org.in | વેબ સાઈટ: www.geda.gujarat.gov.in